# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 5-9-2024 Morning : 7.45 to 7.55
Day : Thursday National News

આકાશવાણી સમાચાર **નીકિતા શાહ** વાંચે છે.

**************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સિંગાપોરના પ્રધાનમંત્રી સાથે ભારત-સિંગાપોર વ્યૂહાત્મક ભાગીદારીમાં પ્રગતિની સમીક્ષા કરશે અને પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરશે.
- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નવી દિલ્હીમાં 82 શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કારથી સન્માનિત કરશે.
- ✓ હરિયાણા વિધાનસભા ચૂંટણી અને જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના ત્રીજા તબક્કા માટે આજે જાહેરનામું બહાર પાડવામાં આવશે.
- ✓ કેન્દ્રીય આંતર-મંત્રાલયની ટીમ આજે આંધ્ર પ્રદેશના પૂરગ્રસ્ત કૃષ્ણા, એનટીઆર, ગુંટુર અને અન્યજિલ્લાઓની મુલાકાત લેશે
- ✓ કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજ સિંહે વર્ષ 2030 સુધીમાં ભારતીય કાપડઉદ્યોગ 350 બિલિયન ડોલર સુધી વધવાનીસંભાવના વ્યક્ત કરી.
- ✓ તીરંદાજ હરવિંદર સિંહે પેરિસ પેરાલિમ્પિક્સમાં વ્યક્તિગત રિકર્વ પેરા-તીરંદાજી ઇવેન્ટની ફાઇનલમાં સુવ્રણ ચંદ્રક જીતીને ઇતિહાસ રચ્યો

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# MORN. PM-BRUNEI SINGAPORE VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સિંગાપોરના પ્રધાનમંત્રી લોરેન્સ વોંગ સાથે વાતચીત કરશે. બંને નેતા ભારત-સિંગાપોર વ્યૂહાત્મક ભાગીદારીની સમીક્ષા કરશે અને પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર વિચારોનું આદાનપ્રદાન કરશે. શ્રી મોદી બ્રુનેઈની સફળ મુલાકાત પૂર્ણ કર્યા બાદ ગઈકાલે લાયન સિટી સિંગાપોર પહોંચ્યા હતા. સિંગાપોરના પ્રધાનમંત્રીએ ગઈકાલે સાંજે તેમના સન્માનમાં રાત્રિ ભોજનનું આયોજન કર્યું હતું.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ ઉલ્લેખ કર્યો કે તેમણે શ્રી વોંગ સાથે વિવિધ મુદ્દાઓ પર મહત્વ પૂર્ણ ચર્ચા કરી. તેમણે કહ્યું કે ભારત સિંગાપોર સાથે તેના મૈત્રી પૂર્ણ સંબંધોને મહત્ત્વ આપે છે. પ્રધાનમંત્રી મોદી આજે સિંગાપોરના રાષ્ટ્રપતિ અને અન્ય મહાનુભાવો સાથે પણ મુલાકાત કરશે. તેઓ સિંગાપોરની કંપનીઓના મુખ્ય કાર્યકારી અધિકારીઓએ પણ મળશે.

# REV. MORN. PREZ- TEACHERS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજે દેશના પહેલાં ઉપરાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મ જયંતિ અને રાષ્ટ્રિય શિક્ષક દિવસ નિમિત્તે નવી દિલ્હી ખાતે ગુજરાતના 2 સહિત 50 શિક્ષકને રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર 2024 એનાયત કરશે. કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે જણાવ્યું કે, રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કારનો હેતુ દેશના કેટલાક શ્રેષ્ઠ શિક્ષકોના અનન્ય યોગદાનને સન્માનિત કરવાનો છે. શાળા શિક્ષણની ગુણવત્તામાં સુધારો કરનારા અને વિદ્યાર્થીઓના જીવનને સમૃદ્ધ બનાવનારા શિક્ષકોને આ પુરસ્કાર માટે પસંદ કરાયા છે.

ઉપરાંત ઉચ્ચ શિક્ષણ વિભાગના 16 શિક્ષક અને કૌશલ્ય વિકાસ અને સાહસિકતા મંત્રાલયના 16 શિક્ષકને પણ પુરસ્કાર અપાશે. દરેક પુરસ્કારમાં પ્રમાણપત્ર, 50 હજાર રૂપિયાનો રોકડ પુરસ્કાર અને રજત ચંદ્રક એનાયત કરવામાં આવેછે.

આકાશવાણી દિલ્હી આજે સાંજે 4.10 વાગ્યાથી તેના એફએમ ગોલ્ડ, ઈન્દ્રપ્રસ્થ અને આકાશવાણી લાઈવ ન્યૂઝ 24x7 ચેનલો પર આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરશે. આ કાર્યક્રમ આકાશવાણીની યુટ્યુબ ચેનલ ઓલ ઈન્ડિયા રેડિયો એઆઈઆર પર પણ જીવંત સાંભળી શકાશે.

# MORN. AMRITUDYAN

રાષ્ટ્રીય શિક્ષક દિન નિમિત્તે આજે રાષ્ટ્રપતિ ભવન ખાતે આવેલા અમૃત ઉદ્યાન ખાસ કરીને શિક્ષકો માટે ખુલ્લું રહેશે. રાષ્ટ્રપતિ સચિવાલયની એક યાદીમાં જણાવાયું છે કે અમૃત ઉદ્યાનમાં પ્રવેશ રાષ્ટ્રપતિ ભવનના ગેટનંબર 35 થી કરી શકાશે . મુલાકાતીઓની સુવિધા માટે, સેન્ટ્રલ સચિવાલય મેટ્રો સ્ટેશનથી ગેટ નંબર 35 સુધી નિઃશુલ્ક શટલ સેવા ચલાવવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે અમૃત ઉદ્યાન ગયામહિનાની 16મી તારીખથી જાહેર જનતા માટે ખોલવામાં આવ્યું હતું અને તે 15મી સપ્ટેમ્બર સુધી ખુલ્લું રહેશે. અમૃત ઉદ્યાનની મુલાકાતનો સમય સવારે10 થી સાંજના 6 વાગ્યા સુધીનો છે. તે સોમવારે બંધ રહેશે. મુલાકાતીઓ રાષ્ટ્રપતિભવનની વેબસાઈટ પરથી ઓનલાઈન ટિકિટ બુક કરાવી શકે છે અને ગેટ નંબર 35 ની બહાર સ્થિત કિઓસ્ક પર પણ ટિકિટ બુક કરી શકે છે.

# HARYANA-NOTIFICATION

હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે આજે જાહેરનામું બહાર પાડવામાં આવશે. જાહેરનામું બહાર પડતાં જ નામાંકન ભરવાની પ્રક્રિયા શરૂ થઈ જશે. ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ આ મહિનાની 12 તારીખ છે, જ્યારે ઉમેદવારી પત્રોની ચકાસણી 13 તારીખે કરવામાં આવશે. નામ પરત ખેંચવાની છેલ્લી તારીખ 16 સપ્ટેમ્બર છે. 90 સભ્યોની હરિયાણા વિધાનસભા માટે 5 ઓક્ટોબરે મતદાન થશે અને મતગણતરી 8 ઓક્ટોબરે થશે. .

# HARYANA POLL-BJP LIST

હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીએ 67 ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે. ગઈકાલે સાંજે જાહેર કરાયેલી યાદી અનુસાર રાજ્યના મુખ્યમંત્રી નાયબસિંહ સૈની લાડવા વિધાનસભા બેઠક પરથી, વિધાનસભા અધ્યક્ષ જ્ઞાનચંદ ગુપ્તા પંચકુલાથી અને પૂર્વ મંત્રી અનિલ વિજ અંબાલા કેન્ટ બેઠક પરથી ચૂંટણી લડશે. અસીમ ગોયલ અંબાલા સિટીથી, કંવરપાલ ગુર્જર જગાધરીથી અને ઘનશ્યામ દાસ અરોરા યમુના નગર બેઠક પરથી લડશે.

ભાજપે સફીડોન વિધાનસભા બેઠક પરથી રામકુમાર ગૌતમ, તોહાનાથી દેવેન્દ્ર સિંહ બબલીને અને નારનૌલ વિધાનસભા બેઠક પરથી કેપ્ટન અભિમન્યુને મેદાનમાં ઉતાર્યા છે. તોશામમાંથી શ્રીમતી શ્રુતિ ચૌધરીને ટિકિટ આપવામાં આવી છે. ભાજપના પૂર્વ સાંસદ સુનીતા દુગ્ગલ રતિયા વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડશે. યાદી મુજબ ભાજપે કુલ આઠ મહિલા ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે..

# J&K 3RD PHASE NOTIFICATION

કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાં આગામી વિધાનસભા ચૂંટણીના ત્રીજા તબક્કા માટે આજે જાહેરનામું બહાર પાડવામાં આવશે. આ તબક્કા હેઠળ ઉમેદવારો 12 સપ્ટેમ્બર સુધી ઉમેદવારી નોંધાવી શકશે. નામાંકન પત્રોની ચકાસણી 13 સપ્ટેમ્બરે કરવામાં આવશે જ્યારે 17 સપ્ટેમ્બર સુધી ઉમેદવારીપત્ર પાછું ખેચી શકશે. આ તબક્કામાં 1 ઓક્ટોબરે કેન્દ્રશાસિત પ્રદેશની ચાલીસ વિધાનસભા મતવિસ્તારોમાં ચૂંટણી યોજાશે. દરમ્યાન, 26 વિધાનસભા મતવિસ્તારો માટે 25 સપ્ટેમ્બરે યોજાનારી ચૂંટણીના બીજા તબક્કા માટે આજે ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ છે.

આવતીકાલે ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરાશે જ્યારે આ તબક્કામાં ઉમેદવારો દ્વારા નામ પરત ખેંચવાની છેલ્લી તારીખ 9 સપ્ટેમ્બર રહેશે. ઉલ્લેખનીય છે કે 24 વિધાનસભા બેઠકો માટે 18 સપ્ટેમ્બરે યોજાનારી પ્રથમ તબક્કાની ચૂંટણીના માટે તૈયારીઓ કરાઇ રહી છે અને પારદર્શક, ન્યાયી અને શાંતિપૂર્ણ ચૂંટણીઓ સુનિશ્ચિત કરવા માટે મતદાન કર્મચારીઓને જરૂરી તાલીમ આપવામાં આવી રહી છે

# KASHMIR---ELECTIONS.RTF

જમ્મુ કાશ્મીરમાં આગામી વિધાનસભાની ચૂંટણી માટે પ્રચાર વેગ પકડી રહ્યો છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ ગઈકાલે અનંતનાગમાં ગઠબંધનના ઉમેદવાર જી એ મીરના સમર્થનમાં જાહેર રેલી યોજી હતી. રેલીને સંબોધન કરતાં શ્રી ગાંધીએ કહ્યું કે ઈન્ડિયા ગઠબંધન લોકોની સાચી આકાંક્ષાઓનું પ્રતિનિધિત્વ કરે છે. નેશનલ કોન્ફરન્સના નેતા ફારુક અબ્દુલ્લાએ પણ સભાને સંબોધિત કરી હતી.

અગાઉ, શ્રી ગાંધીએ તેમના પક્ષના ઉમેદવાર વકાર રસૂલ વાનીના સમર્થનમાં રામબન મતવિસ્તારમાં એક ચૂંટણી રેલીને સંબોધી હતી. દરમિયાન, પૂર્વ મુખ્યમંત્રી અને PDPના પ્રમુખ, મહેબૂબા મુફ્તીએ અનંતનાગ જિલ્લાના સરનાલમાં પક્ષના કાર્યકરોને સંબોધન કરી પ્રચાર શરૂ કર્યો હતો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

. . . . . . . . . . . . . . .

# AP FLOOD-CENTRAL TEAM

કેન્દ્રીય આંતર-મંત્રાલયની એક સમિતિ આજે આંધ્રપ્રદેશના કૃષ્ણા, એનટીઆર, ગુંટુર અને અન્ય પૂર પ્રભાવિત જિલ્લાઓની મુલાકાત લેશે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના ડિઝાસ્ટર મેનેજમેન્ટના અધિક સચિવ સંજીવ કુમાર જિંદાલના નેતૃત્વમાં આ ટીમ પૂરને કારણે થયેલા નુકસાનનું નિરીક્ષણ કરશે અને પીડિતો સાથે વાતચીત કરશે.

દરમિયાન આંધ્ર પ્રદેશમાં પૂરગ્રસ્ત વિસ્તારોમાં સહાય પૂરી પાડવા માટે-NDRF ની 26 ટીમો તૈનાત કરવામાં આવી છે. આ ટીમો કેન્દ્ર અને રાજ્યની એજન્સીઓ સાથે સંકલન કરીને રાહત અને બચાવ કામગીરીમાં કરી રહી છે. અત્યાર સુધીમાં NDRF એ 319 લોકોને બચાવ્યા છે અને લગભગ 12 હજાર લોકોને સલામત સ્થળે ખસેડ્યા છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં જરૂરિયાતમંદ લોકોને રાહત પુરવઠો અને તબીબી સહાય પૂરી પાડવામાં આવી રહી છે.

# MORN. GIRIRAJ -TEXTILE INDUSTRY

કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજ સિંહે કહ્યું છે કે વર્ષ 2030 સુધીમાં ભારતનો કાપડ ઉદ્યોગ 350 બિલિયન ડોલર સુધી પહોંચવાની સંભાવના છે. અને આનાથી દેશમાં ત્રણ કરોડ પચાસ લાખ નોકરીઓનું સર્જન થશે. ભારત-ટેક્સ 2025 ની ઇવેન્ટ પહેલા, શ્રી સિંહે આશા વ્યક્ત કરી હતી કે ભારત તેની બ્રાન્ડ અને ટકાઉ ઇકો-ફ્રેન્ડલી ટેક્સટાઇલ ઉત્પાદનો માટે વૈશ્વિક ઓળખ મેળવશે. તેમણે કહ્યું કે કેન્દ્ર સરકારની pli સ્કીમ કપડા ઉદ્યોગમાં ઉત્પાદન અને બ્રાન્ડિંગ વધારવામાં મદદરૂપ થશે.

શ્રી સિંહે માહિતી આપી હતી કે ગ્લોબલ ટેક્સટાઇલ એક્સ્પો – ભારત ટેક્સ 2025 આગામી વર્ષે 14 થી 17 ફેબ્રુઆરી દરમિયાન રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં ભારત મંડપમ અને ગ્રેટર નોઇડામાં ઇન્ડિયા એક્સ્પો સેન્ટર અને માર્ટ ખાતે આયોજિત કરવામાં આવશે. આ એક્સ્પોમાં પાંચ હજારથી વધુ પ્રદર્શકો અને છ હજારથી વધુ આંતરરાષ્ટ્રીય ખરીદદારો ભાગ લેશે.

# MORN. PARALYMPICS

પેરિસ પેરાલિમ્પિક્સમાં. ભારતે ગઈકાલે બે સુવર્ણ સહિત ચાર ચંદ્રકો જીત્યા છે હરવિંદર સિંહે પેરાલિમ્પિક્સમાં સુવર્ણ ચંદ્રક જીતનાર ભારતનો પ્રથમ તીરંદાજ બનીને ઈતિહાસ રચ્યો છે.

ગઈકાલે રાત્રે પુરુષોની વ્યક્તિગત રિકર્વ ઓપન સ્પર્ધામાં તેણે આ સિદ્ધિ મેળવી હતી. ત્યારબાદ મેન્સ ક્લબ થ્રો F-51ની ફાઇનલમાં ધરમવીરે 34.92 મીટરનું અંતર ફેંકીને એશિયન રેકોર્ડ તોડીને સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. પ્રણવ સુરમાએ આ જ ઈવેન્ટમાં 34.59 મીટરના શ્રેષ્ઠ થ્રો સાથે રજત ચંદ્રક જીત્યો હતો.

અગાઉ, વિશ્વ ચેમ્પિયન સચિન સરગેરાવ ખિલાડીએ પુરુષોની શોટ પુટ F-46 ઇવેન્ટમાં રજત ચંદ્રક જીત્યો હતો. આ સાથે , ભારત પાંચ સુવર્ણ, 9 રજત અને 10 કાંસ્ય સહિત કુલ 24 ચંદ્રકો સાથે 13માં સ્થાને પહોંચ્યું છે.

દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પેરિસ પેરાલિમ્પિકમાં તીરંદાજીમાં સુવર્ણ ચંદ્રક જીતવા બદલ હરવિંદરસિંહને અભિનંદન પાઠવ્યા છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં હરવિંદર સિંહની સિદ્ધિની પ્રશંસા કરતા શ્રી મોદીએ પેરા-તીરંદાજીમાં કહ્યું કે રાષ્ટ્ર તેમની સિદ્ધિથી અત્યંત ખુશ છે

# હવે આજના અખબારોના મુખ્ય સમાચારો સાથે મારા સહયોગી પ્રવેશ અડિએચા

- સિંગાપોરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સ્વાગતના સમાચાર ફૂલછાબ, દિવ્ય ભાસ્કર, સંદેશ અને રાજસ્થાન પત્રિકાએ પહેલા પાના પર લીધા છે.
- સંદેશ લખે છે, આસામમાં 22 હજાર કરોડનું ઑનલાઈન કૌભાંડ
- કેન્દ્ર સરકારનું ભેદી મૌન, ચીનના માલની નિરંકુશ આયાતથી ભારતીય ઉદ્યોગ ત્રસ્ત – આ ગુજરાત સમાચારનું મુખ્ય શીર્ષક છે.
- ગુજરાત સમાચાર લખે છે, માધવી બૂચ સામે સેબીના અધિકારીઓ પણ મેદાને – આપખુદશાહીની ફરિયાદ.
- દિવ્ય ભાસ્કરનું મુખ્ય શીર્ષક છે, હવે પાણીનો રસ્તો કાઢશે સરકાર, દબાણો દૂર થશે, ટીપી સ્કીમના નિયમો બદલાશે.
- નવગુજરાત સમય લખે છે, EPFOના પેન્શનરો હવે દેશની કોઈ પણ બેન્કમાંથી પેન્શન ઉપાડી શકશે.
- કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીના નિવેદનને ટાંકીને નવગુજરાત સમય લખે છે, જમ્મુ-કાશ્મીરને ફરીથી રાજ્યનો દરજ્જો અપાવીને જ જંપીશું.
- ફૂલછાબ લખે છે, ઉત્તરકોરિયામાં પૂરથી સેંકડો મૃત્યુ પછી કિમ જોન્ગે 30 અધિકારીને ફાંસીએ ચડાવી દીધા.
- નવગુજરાત સમય લખે છે, ધોરણ નવ અને 11ની પરીક્ષા પદ્ધતિમાં ધરખમ ફેરફાર – 70 ટકા વર્ણનાત્મક, 30 ટકા હેતુલક્ષી પ્રશ્નો રહેશે.
- રાજસ્થાન પત્રિકા લખે છે, બ્રુનેઈ સે ચેન્નઈ કે લિએ સીધી વિમાન સેવા.